


facebook.com/GujaratmitraLIVE
twitter.com/GujaratmitraLIVE



જે એન્ડ કે ગ્રુપ, જેસિંગપુરા, વ્યારા



વ્યમ દેસાઇ, વ્યારા



સીએકે ગજ્જર, કઠોર



હેતલ અને અભિનય કેળકુઇ, વાલોડ

# બારડોલી વિસર્જન વિવાદ : પોલીસ અને ગણેશ ભક્તો વચ્ચે સંઘર્ષના એંધાણ

**કલેક્ટરનું** જાહેરનામુ છતાં પાલિકાએ નદીકિનારે તૈયારીઓ શરૂ કરી

બારડોલી : બારડોલીમાં વિસર્જનને લઈ અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે પાલિકા દ્વારા નદી કિનારે તરાપા બનાવવાની કામગીરી શરૂ કરાવવામાં આવી રહી છે. બીજી તરફ પોલીસ અને વહીવટી તંત્ર કોઈ પણ ભોગે નદીના ઓવારા પરથી વિસર્જન નહીં થાય તે માટે ઓવારા નજીક પણ પૂરતો પોલીસ બંદોબસ્ત ખડકી દેવાના હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે ચાલી રહેલા વિવાદને લઈ ગુરુવારના રોજ વિસર્જનના દિવસે પોલીસ અને ગણેશ ભક્તો વચ્ચે ઘર્ષણ થવાની પણ સંભાવના સેવાઈ રહી છે.

બારડોલીમાં માટીની મૂર્તિઓનું નદીમાં વિસર્જન થાય તેવી માંગ ગણેશ ભક્તો દ્વારા કરવામાં આવી રહી છે. બારડોલી શહેરના પદાધિકારીઓ અને સ્થાનિક નેતાઓ પણ તેના સમર્થનમાં જોવા મળી રહ્યા છે. નગરપાલિકા કચેરી ખાતે મળેલી બેઠકમાં મીંઢોળા નદીને પ્રદૂષણથી બચાવવાની વાત કરી તંત્રને સહકાર આપવાની વાતો કરતાં બારડોલી નગરપાલિકાના પ્રમુખ ગણેશ ચૌધરી પણ હવે માટીની મુર્તિને નદીમાં જ વિસર્જન કરવાની વાત કરતાં સામાન્ય ગણેશ ભક્તો દ્વિધા અનુભવી રહ્યા છે. જાહેરનામામાં સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં માટીની મુર્તિઓને નદીમાં જ વિસર્જન કરવાનું આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. જેને કારણે પોલીસ અને તંત્ર માટે પણ વિસર્જનનો દિવસ પડકાર રૂપ બન્યો છે. બારડોલી પાલિકા દ્વારા જ નદી કિનારે સાફસફાઇ કરવાની સાથે ડીજીવીસીએલ પાસેથી હંગામી ધોરણે વીજ કનેક્શન પણ મેળવી લીધું છે. આ ઉપરાંત નદી કિનારે બે તરાપા પણ તૈયાર રાખવામાં આવ્યા છે. કલેક્ટરના આદેશ બાદ પણ પાલિકા દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીને લઈ અનેક તર્કવિતર્ક જોવા મળી રહ્યા છે. ત્યારે આ વિવાદ અંગે જો કોઈ નિવેડો ન આવશે તો ગુરુવારના રોજ પોલીસ અને ગણેશ ભક્તો વચ્ચે સંઘર્ષ થવાના એંધાણ સેવાય રહ્યા છે.



ગણેશ વિસર્જન માટે તંત્ર દ્વારા કૃત્રિમ તળાવ તૈયાર કરાયા.

## બારડોલીમાં વિસર્જન વિવાદનો પડઘો ગાંધીનગરમાં, ડાંગ એસપીને વિશેષ કેસમાં બારડોલી બોલાવવામાં આવ્યા

બારડોલીમાં ગણેશ વિસર્જનને લઇ છેલ્લા એકાદ અઠવાડીયાથી ચાલી રહેલ વિવાદ બાદ પદાધિકારીઓ માટીની મુર્તિ નદીમાં વિસર્જિત થાય તે માટેના પ્રયાસો હાથ કરી રહ્યા છે. જ્યારે સામે પક્ષે પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ નદીમાં ન થાય તે માટે મક્કમ જણાય રહ્યા છે. બારડોલીમાં ચાલી રહેલ વિવાદના ગાંધીનગર પણ પડઘા પડ્યા હોય પોલીસે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પૂરતી તૈયારી કરી લીધી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ માટે બારડોલીમાં સુરત રેન્જ આઇજી રાજકુમાર પાંડિયનની સીધી દેખરેખ રાખશે. બારડોલીની પરિસ્થિતીને ધ્યાનમાં લઈ ડાંગ એસપી શ્વેતા શ્રીમાળીને પણ બારડોલી ખાતે સ્પેશિયલ કેસમાં બોલાવવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટર દ્વારા બારડોલીમાં દર વર્ષ કરતાં પોલીસ બંદોબસ્તમાં પણ વધારો કરવામાં આવ્યો છે. જેથી વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ શકે.

## વિસર્જન તો નદીમાં જ, તાલુકા પંચાયત ઉપપ્રમુખની પોસ્ટથી વિવાદ વધુ ગરમાયો

બારડોલી: બારડોલીમાં વિસર્જનને લઇ અધિકારીઓ અને પદાધિકારીઓ ચાલી રહેલા વિવાદ વચ્ચે બારડોલી તાલુકા પંચાયત ઉપપ્રમુખ દેવેન્દ્ર ચૌધરીએ વિસર્જન તો નદીમાં જ થશે એવી પોસ્ટ સોશિયલ મીડિયા પર મુકતા વિવાદ વધુ વકર્યો છે. ગણેશ ભક્તોને ઉશ્કેરવાનું કામ કરનાર દેવેન્દ્ર ચૌધરી સામે આઇટી એક્ટ અને જાહેરનામા ભંગની ફરિયાદ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરમાં શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન થાય તે માટે વહીવટી તંત્રએ કમર કસી છે. નદીમાં વિસર્જન ન થાય તે અંગેના જાહેરનામાને પગલે અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે વિવાદ સર્જાયો છે. તેવા સમયે બારડોલી તાલુકા પંચાયત ઉપપ્રમુખ દેવેન્દ્ર ચૌધરીએ ફેસબુક પર વિવાદાસ્પદ પોસ્ટ મુકતા મામલો ગરમાય ગયો છે. દેવેન્દ્ર ચૌધરીએ ગણેશ વિસર્જન તો નદીમાં જ એ પ્રકારની પોસ્ટ લખી ગણેશ ભક્તોને ભડકાવવાનો પ્રયાસ કર્યો છે. જેને કારણે બારડોલીનું આંતરિક રાજકારણ પણ ગરમાયુ છે. બીજી તરફ લોકોને ભડકાવવાનો મેસેજ પોસ્ટ કરનાર દેવેન્દ્ર ચૌધરી સામે પોલીસ દ્વારા પણ કોઈ કાર્યવહી કરવામાં આવી નથી.



મિંઢોળા નદી કિનારે વિસર્જન માટે તરાપા તૈયાર કરાયા.

## મહુવા તાલુકાના મામલતદારોએ કૃત્રિમ તળાવો નહીં બનાવડાવતાં વિસર્જન માટે ગણેશ ભક્તોમાં દુવિધા

અનાવલ : મહુવા તાલુકામાં કુદરતી તળાવોમાં શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત મુકાયો છે. તો બીજી તરફ કૃત્રિમ તળાવો બનાવવામાં મામલતદાર સહીતના તંત્રે આળસ કરતા નદી અને તળાવોમાં શ્રીજીની પ્રતીમાઓનું વિસર્જન થશે એ સ્વાભાવિક જ છે. ત્યારે અધિક કલેક્ટરના જાહેરનામાનો ભંગ થશે એ નિશ્ચિત છે.

# માંડવી આમલી ડેમના 7 ગેટ ખોલાયા 8,000 ક્યુસેક્સ પાણી છોડવાનું શરૂ

**મામલદાર** એસ.એલ.ડામોરે 21 ગામોને એલર્ટ કર્યાં

તરસાડા : માંડવીમા સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે.ત્યારે આમલીડેમમાં પાણીની આવકમાં વધારો થતાં સાત દરવાજા ખોલતા 8000 ક્યુસેક્સ પાણી છોડવાથી મામલદાર એસ.એલ.ડામોર એ 21 ગામોને એલર્ટ કર્યા છે. માંડવી તાલુકાની જીવાદોરી સમાન ગણાતો આમલીડેમની સપાટી 115.85 મીટરની વટાવી જતા તેમજ ઉપરવાસમાં સાર્વત્રિક વરસાદ વરસતા આમલીડેમના 7 દરવાજા ખોલાત 8000 ક્યુસેક્સ પાણી છોડવામાં આવ્યું છે. જેના કારણે માંડવી તાલુકાના અસરગ્રસ્ત ગામોને વહીવટી તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા છે. આ બાબતે માંડવી મામલદાર એસ.એલ.ડામોર, નાયબ મામલદાર (પુરવઠા) ગિરીશ પરમાર અને આમલીડેમના ઈજનેર પી.કે.ભારતી, રોનક ચૌધરી ફ્લ્ડ કંટ્રોલ રૂમના સ્ટાફે સતત ડેમની પરિસ્થિતિનું મોંનિટરિંગ કરી રહ્યા છે.



પ્રવીણસિંહ મહીડા

## ઉંમરપાડાના ચંદ્રાપાડા ગામનો કોઝવે પુરમાં ધોવાતાં માર્ગ સદંતર બંધ

**ચંદ્રાપાડા** ગામમાં જવાનો વાહનવ્યવહાર સદંતર બંધ થઈ જતાં ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા

વાંકલ : ઉંમરપાડા તાલુકાના ચંદ્રાપાડા ગામે કોઝવે વરસાદી પુરમાં તૂટી જતા ચંદ્રાપાડા ગામના પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા છે. ઉંમરપાડા તાલુકા મથકથી માત્ર બે-ત્રણ કિ.મી. દુરના અંતરે આવેલા ચંદ્રાપાડા ગામમાં સંપૂર્ણપણે આદિવાસી પ્રજાજનો વસવાટ કરે છે. ગામના પ્રજાજનોને નજીકના તાલુકા મથક ઉંમરપાડા ખાતે જવાનો એક માત્ર માર્ગ ઉપર આવેલો કોઝવે ભારે વરસાદના વરસાદી પૂરથી તૂટી જતા ગ્રામજનો હાલ વ્યાપક મુશ્કેલીમાં મુકાયા છે. ચંદ્રાપાડા ગામના લોકો ગામની બહાર જઇ શકતા નંથી આવા સંજોગોમાં સમગ્ર ગામના લોકોની હાલત કફોડી બની છે. ત્યારે સ્થાનિક સરકારી વહીવટ તંત્ર તેમજ માર્ગ અને મકાન વિભાગ તાત્કાલિક ધોરણે કોઝવેનું યુધ્ધના ધોરણે સમારકામ કરાવે તે જરૂરી છે.

# બાંધકામનાં કામો કરવા કેટલાક તલાટીઓને નૈવેદ્ય ચઢાવવું જ પડે: કોન્ટ્રાક્ટરની ચોંકાવનારી કબૂલાત

**તલાટીને** સાલીયાણું આપ્યું એટલે કામની ગુણવત્તામાં કાપ મૂકી રૂપિયા બચાવી લઈએ: કોન્ટ્રાક્ટર

અનાવલ: મહુવા તાલુકામાં સરકાર દ્વારા ફાળવવામાં આવેલા વિકાસના કામોની ગ્રાન્ટમાંથી થતા વિકાસના ગામોની ગુણવત્તા બાબતે અનેક ગામોમાં ફરિયાદો ઉઠવા પામે છે ત્યારે તે કામોની ગુણવત્તા બાબતે ટકાવારી મહત્વનો ભાગ ભજવતો હોવાનો ગણગણાટ તાલુકાની જનતામાં ઉઠવા પામ્યો છે. તાલુકાના ગામોમાં વિકાસના કામો માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ થયેલા વિકાસના કામોમાં ટૂંક સમયમાં જ ગુણવત્તાની પોલ ખુલતા બનાવો અનેક ગામોમાં ઉઠવા પામતા આવ્યા છે. ત્યારે આ બાબતે જ ચોંકાવનારી માહિતી બહાર આવી છે.

તાલુકના જ એક કોન્ટ્રક્ટરે નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે વિકાસના કામોમાં કેટલાક ગામોના તલાટી કમ મંત્રીઓને કામના મંજુર થયેલી ગ્રાન્ટમાંથી ટકાવારીનું નૈવેધ ચઢાવવુ પડે છે તો ઓડિટ પેટે પણ ટકા ખંખેરી લેવામાં આવે છે ત્યારે અમારે પણ કામોની ગુણવત્તામાં કાપ તો મુકવો જ પડે ને?

તાલુકાના ગામોમાં થયેલા રસ્તા, પેવર બ્લોક, આંગણવાડી સહિતના કામો સહિત પૈકીના કેટલાય ગામોમાં આ વિકાસના કામોના નિર્માણમાં વેઠ ઉતારવામાં આવી હોવાના તેમજ ટૂંકા ગાળામાં જર્જરિત થઈ ગયા હોવાની રાવ ઉઠવા પામે છે ત્યારે એના માટે જવાબદાર કોણ? કોન્ટ્રકટર કે પછી ટકાવારી?

## ટીડીઓએ તલાટીઓને પાઠ શીખવવા પર કેટલાક ગામોની આકસ્મિક મુલાકાત લીધી!

મહુવા તાલુકાના કેટલાક ગામોના તલાટીઓ હેડ કવાટર્સ પર નહીં રહેતા હોવાના તેમજ કેટલાય તલાટીઓ ફરજ દરમિયાન સમયપાલન કરવામાં પણ બેદરકાર હોવાના ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ કરાયા બાદ તા.પ. નું તંત્ર હરકતમાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે તાલુકા વિકાસ અધિકારીએ તાલુકા પંચાયતના અધિકારીઓને પણ જરૂરી કડક સૂચનાઓ આપવાની સાથે તાલુકાના કેટલાય ગામોની આકસ્મિક મુલાકાત લઇ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. હાલ તો ટીડીઓએ તલાટી કમ મંત્રીઓને ફરજના પાઠ શીખવ્યા કે એ તો ખબર નહીં પરંતુ ટીડીઓ કડક વલણ અપનાવતા તલાટી કમ મંત્રીઓમાં દોડધામ વધી જાય એ સ્વાભાવિક જ છે પરંતુ આજની પરિસ્થિતિ ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત જેવી તો નહીં થાય ને?

# ઉમરપાડા APMCમાં ભાજપની પેનલ બિનહરીફ



નઝીર પાંડોર

**ઉમેદવારીપત્રો** પરત ખેંચવાના અંતિમ દિવસે સાત ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લેતાં ચૂંટણી ટળી

મોસાલી: ઉમરપાડા ખેતીવાડી ઉત્તપન્ન બજાર સમિતિનાં બોર્ડ ડિરેક્ટરોની મુદ્દત પુરી થતાં, નવા બોર્ડના ડિરેક્ટરોની ચૂંટણ ટળી ગઈ છે. ચૂંટણીની કામગીરી માટે સુરતનાં જિલ્લા રજિસ્ટ્રારની વરણી કરવામાં આવી હતી, એમણે ચૂંટણી અંગેની પ્રકિયા શરૂ કરી હતી, કુલ ૧૨ બેઠકો માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું, જેમાં ૪ બેઠકો વેપારી વિભાગની હતી આ માટે B. J. P. પેરિત પેનલનાં ૪ અને અન્ય ૧ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ ઉમેદવારીપત્રો ચકાસવાના દિવસે એક ઉમેદવારીપત્ર રદ થતાં, B. J. P. ની પેનલનાં ચારે ચાર ઉમેદવારી બિનહરીફ થઈ ગયા હતા.,જેમાં બાબુલાલ વેશ્રવ, માગુસિંહ રાજપુરોહિત, બંસીલાલ પુરોહિત,અબુબકર કડોદવાળાનો સમાવેશ થાય છે, જ્યારે ખેડૂત પેનલમાં B. J. P. ની પેનલનાં ૮, અને અન્ય ૭ મળી કુલ ૧૫ ઉમેદવારીપાત્રો ભરાયા હતાં, પરંતુ ઉમેદવારીપત્રો પરત ખેંચવાનાં દિવસે એટલે કે આજે B. J. P. ની પેનલનાં ૮ ઉમેદવારો સિવાય અન્ય ૭ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેચી લેતાં ખેડૂત વિભાગનાં ૮ ઉમેદવારો જેમાં પરસોતમ પાડવી, ઈન્દ્રજીત વસાવા, કોટેસિંગ વસાવા, નટવર વસાવા, ફુલસિંગ વસાવા, મધુભાઈ વસાવા, રાવજી વસાવા, સામસિંગ વસાવા ઓને ચૂંટણી અધિકારીએ મંગળવારે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા. આમ B. J. P. રચિત આખે આખી પેનલ આવી જતાં ઉમરપાડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સત્તા સંપૂર્ણ બહુમતી સાથે કબ્જે કરી છે. જાણવા મળ્યું છે કે આ ચૂંટણી ટાળવા માટે મંત્રી ગણપત વસાવા સહિતાના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જોળવામાં સંચાખાતાના માલિકને બંદૂક બતાવી લૂંટ

**શક્તિ** ઈન્ડસ્ટ્રીઝમાં આવેલા સુંદરમ ફેશન નામના સંચા ખાતામાં ધોળા દિવસે ત્રણ લુંટારુઓ ત્રાટક્યા : રૂા. 35 હજાર રોકડા લૂંટી ગયા

પલસાણા: સુરત જિલ્લાના પલસાણા તાલુકાનાં જોળવા ખાતે આવેલ શક્તિ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલા સુંદરમ ફેશન નામના સંચા ખાતામાં ધોળા દિવસે ત્રણ લુંટારુઓ ઓફિસમાં ઘૂસી જઈ માલિકને બંધુકની અણીએ બાનમાં લઈ 30 થી 35 હજાર રોકડા અને સોનાની વીંટીની લૂટ ચલાવી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે.

સુરત જિલ્લાના પલસાણા તાલુકાનાં જોળવા જી.આઈ. ડી.સી વિસ્તારમાં આવેલી શક્તિ ઈન્ડસ્ટ્રીઝ પાર્કના સુંદરમ ફેશન નામના સંચા ખાતામાં તેમના માલિક મહેશભાઇ ટાણા બુધવારના રોજ બપોરના 1 વાગ્યાના અરસામાં હાજર હતા ત્યારે એક પલ્સર મોટરસાયકલ પર ત્રણ અજાણ્યા શખ્સો ફેક્ટરી નજીક આવ્યા હતા. અને સીધા મહેશભાઈની ઓફિસમાં ઘૂસી ગયા હતા. અને ઓફિસનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. ત્યારબાદ રિવોલ્વર બતાવી મહેશભાઇને ધમકાવવાનું શરૂ કર્યું હતું. એક વ્યક્તિએ છરો કાઢ્યો હતો. મહેશભાઇને બાનમાં લઈ ઓફિસના ટેબલના ખાનામાંથી 30 થી 35 હજાર રોકડા તેમજ મહેસભાઈ પહેરેલી સોનાની વીંટી લૂંટી લીધી હતી. ત્યારબાદ ઓફિસમાંથી સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ લઈ લીધું હતું. અને કપડાં વડે જેજે જગ્યા ઉપર લૂંટારુઓએ હાથ લગાવ્યા હતા. તે જગ્યા પણ સાફ કરી દીધી હતી. ત્યારબાદ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. લૂંટારુઓ ગુજરાતી અને હિન્દી ભાષા બોલતા હતા. ઘટનાની જાણ થતાં પલસાણા પોલીસ સ્થળ ઉપર પહોંચી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



સુરેશ ગાંધી

## અંકલેશ્વરના સ્વતંત્ર સેનાની સ્વ. શાંતિલાલ શાસ્ત્રીનું જર્જરિત બંધ મકાન ધરાશાયી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના જાણીતા સ્વતંત્ર સેનાની સ્વ. શાંતિલાલ શાસ્ત્રીનું પંચાટીબજાર નજીક લીમડીચોક જવાના રસ્તા પર આવેલું મકાન બુધવારે વહેલી સવારે ધરાશાયી થઇ ગયુ હતું. શાંતિલાલ શાસ્ત્રીના અવસાન બાદ આ મકાનમાં કોઇ રહેતું ન હોવાથી જર્જરિત બન્યું હતું. આ મકાન એક મહીનાથી પડતા વરસાદની ઝીંકી ઝીલી નહીં શકતાં ધરાશાયી થઇ ગયુ હતું મકાન પડવા ના અવાજથી આજુબાજુના રહીશો દોડી આવ્યા હતા. રહીશોએ તેમના ગાંધીનગર ખાતે રહેતા તેમના ભત્રીજાને આ અંગે જાણ કરી છે. સ્વ. શાંતિલાલ શાસ્ત્રીના મકાનને આડીને પાછળના ભાગે આવેલા શાંતિલાલ પ્રજાપતિના મકાનની દિવાલ પણ ધરાશાયી થઇ ગઇ હતી. સદનશીબે કોઇ ને જાનહાની થઇ નથી.


**ધી બારડોલી નાગરિક સહકારી બેંક લિ.**
ઉપલી બજાર, બારડોલી, જિ. સુરત

**સભાસદો જોગ**
**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી બેંકના તમામ સભાસદોને જણાવવાનું કે, બેંકની ૪૫ (પીસ્તાળીશ) મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૨-૦૯-૨૦૧૯ ને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે મંછાબા હોલ, સ્ટેશન રોડ બારડોલીમાં રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી.

દરેક સભાસદોને વાર્ષિક અહેવાલ મોકલેલ છે. જેઓને વાર્ષિક અહેવાલ ન મળ્યો હોય તેમણે બેંકમાંથી મેળવી લેવા વિનંતી.

લિ. આપનો વિશ્વાસુ
**ડો. ચેતનભાઇ સી. પટેલ - મેનેજીંગ ડિરેક્ટર**



**જાહેર ચેતવણી**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર ચેતવણી થકી જણાવવાનું કે હમારા અસીલશ્રીઓ (૧) રવિન્દ્ર પાખંડીપ્રસાદ કેવટ (૨) દયારામભાઇ પાખંડીપ્રસાદ કેવટ રહે. સી-૫૯, નવદુર્ગા સોસાયટી, જે.એમ. પટેલ હાઇસ્કૂલ પાસે, બારડોલી, તા. બારડોલી, જિ.સુરતની સુચના મુજબ હમારા અસીલના પિતાશ્રી નામે પાખંડીપ્રસાદ શિવપૂજન કેવટ ના નામે મોજે બારડોલી, તા.બારડોલી, જિ.સુરતમાં આવેલ સી-૫૯ નવદુર્ગા સોસાયટીવાળું મકાન નગરપાલિકા દફતરે આકારણી નં. ૩૭૨/૪૬૯ થી મિલકત ચાલી આવેલ છે. જે મકાન મિલકત હમારા અસીલશ્રીઓ તથા તેમના પિતાશ્રીએ સંયુક્ત હિસ્સેદાર, ભોગવટો, વહીવટ કબજેદાર ચાલી આવેલ છે. સદર મિલકત હમારા અસીલનાં પિતાજી હમારા અસીલોની મરજી વિના કે સંમતિ વિના સદર મિલકત વેચાણ કરવાની કોશિષ કરી રહેલ છે. હમારા અસીલ મજકુરનો માલિકી, કબજો વહીવટ, ભોગવટો ચાલી આવેલ છે અને હાલમાં પણ હમારા અસીલ / મજકુર પાસે માલિકી, ભોગવટો ચાલે છે અને તેમાં વસવાટ કરતાં આવેલ છે. જેથી આ નોટીસથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર ઉપરોક્ત મકાન મિલકત અંગે વેચાણ, બક્ષીસ, સાટાખત અંગેનો કોઇપણ જાતનો વ્યવહાર કરવો કરાવવો નહીં અને જો કરવો કરાવવામાં આવશે તો તે ગેરકાયદેસર અને રદબાતલ ગણાશે. સદર મિલકત સહીયારી ચાલી આવેલ હોય હમારા અસીલો સાથે કાનૂની સંઘર્ષમાં ઉતરવું પડશે અને તમારે ચૂકવેલ રકમ ગુમાવી દેવાનો વારો આવશે જેની લાગતા વળગતાઓએ અને વેચાણથી લેવા ઇચ્છતા તમામે ગંભીરતાથી નોંધ લેવી.

તા. ૧૦/૦૯/૨૦૧૯

હમારી સુચના મુજબ
**રવિન્દ્ર પાખંડીપ્રસાદ કેવટ**
**દયારામભાઇ પાખંડીપ્રસાદ કેવટ**
બારડોલી, તા.બારડોલી, જિ.સુરત.

અમારી મારફતે
**રાકેશ આર. પટેલ**
એડવોકેટ
મુ.માતા ફળીયા, બારડોલી,
તા. બારડોલી, જિ. સુરત.
મો. ૯૦૯૯૪૭૬૫૧૫

## સંક્ષિપ્ત સમાચાર

### તળાવમાં ડૂબી ગયેલા બારાસડીના યુવાનનો મૃતદેહ મળ્યો

પલસાણાઃ સુરત જિલ્લાના પલસાણા તાલુકાનાં બારાસડી ગામે લીમડી ફળિયામાં રહેતા લાલુભાઈ નગીનભાઈ રાઠોડ (25) નાઓ બકરા ચરાવવા માટે ગયા હતા તે દરમ્યાન તળાવની પાળ ઉપરથી પગ લપસી જતાં બારાસડી ગામના તળાવમાં આ યુવાન ડૂબી ગયો હતો ઘટનાની જાણ થતાં બારડોલી ફાયર બ્રિગેડના અધિકારી પી.બી.ગઢવીને આ અંગે જાણ કરવામાં આવી હતી જેથી બારડોલી ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચી યુવાનની શોધખોળ શરૂ કરી હતી. ઘટનાના બીજા દિવસે ફાયર બ્રિગેડની ટીમે યુવાનનો મૃતદેહ શોધી કાઢ્યો હતો.

### અંકલેશ્વરમાં ડીશ ટીવી રિપેર કરતા યુવાન વીજલાઈન સાથે અડી જતાં કરંટ લાગ્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વર એસ.એ.મોટર્સ - કોર્ટ સંકુલ રોડ પર બુધવારે સવારે યુવાનને કરંટ લાગતા ગંભીર રીતે દાઝી ગયો હતો. પટેલ ટિમ્બર માર્ટ ખાતે ડીશ ટીવી રીપેર કરવા માટે ટેક્નિશિયન પારખેત ભરૂચના એઝાઝ ઇબ્રાહિમ બાબર છાપરા પર ચઢ્યો હતો. તે દરમિયાન કોઈ કારણસર ત્યાંથી પસાર થઇ 22 કેવી વીજ લાઈનને અડી જતા જોરદાર કરંટનો ઝાટકો લાગ્યો હતો અને છાપરા પર પટકાયો હતો. જેને ગંભીર હાલતમાં જાયબહેન મોદી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

### તિલકવાડાના ખરોડ ગામની મહિલાનું સાપ કરડતાં મોત

રાજપીપળા : તિલકવાડા તાલુકાના ખરોડ ગામમાં રહેતી વિદ્યાબેન દિનેશભાઇ ભીલ (38) મંગળવારે તેમના ઘરમાં હતા ત્યારે અચાનક કોઇ ઝેરી સાપ આવી પગે ડંખ મારતા તેમને તાત્કાલિક 108 દ્વારા પતિ દિનેશભાઇ તિલકવાડાના સરકારી દવાખાને લઈ ગયા બાદ સારવાર દરમિયાન બીજા દિવસે તેમનું મોત થયું હતું.

### ભત્રીજીને આશ્રમમાં મૂકવા જઈ રહેલા કાકીનું બાઈક પરથી પડી જતાં મોત

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના વેલછંડી ગામમાં રહેતા છનાભાઈ કાંતિભાઈ વલવી તેમની પત્ની છનીબેન સાથે મંગળવારે ભત્રીજી નીતાને નવા વાઘપુરા આશ્રમમાં અભ્યાસ માટે મુકવા પોતાની બાઈક પર જતા હતા એ સમયે જીતપરા પાસેની શ્રદ્ધા સબૂરી હોટલ પાસે અચાનક છનીબેનને ચાલુ બાઈક પર ચક્કર આવતાએ નીચે પટકાયા હતા. તેમને માથામાં ગંભીર ઇજા થતા તેમનું મોત નીપજ્યું હતું .ભત્રીજી નીતા નવા વાઘપુરા આશ્રમમાં ધોરણ 12માં અભ્યાસ કરે છે તેને મુકવા નીકળેલા કાકા કાકીમાંથી આમ અચાનક કાકીનું મોત થતા વલવી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી.

### નાંદોદના કરાંઠા ગામમાં ઘરના વાડામાંથી બે મહાકાય અજગર પકડાયા

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના કરાંઠા ગામમાં રહેતા ટીનાભાઇના ઘરના વાડામાં મંગળવારે બે મહાકાય અજગરો દેખાતા ભય ફેલાયો હતો પરંતુ તેમણે તાત્કાલિક જીવ દયા પ્રેમી પ્રકાશ તડવી અને માઈકલ વસાવાને બોલાવતા તેમણે બંને અજગરોને પકડી દૂર જંગલમાં સલામત રીતે છોડી મુક્યા બાદ લોકોએ રાહત અનુભવી હતી. અજગરોને જોવા ગામમાં લોકટોળા ઉમટી પડ્યા હતા.

### વાંકાનેર દૂધ મંડળીમાં સુમુલ ડેરી તરફથી ચિલિંગ પ્લાન્ટને ખુલ્લો મુકાયો



સુરતઃ બારડોલી તાલુકાના વાંકાનેર ગામે દૂધ મંડળીમાં સુમુલ ડેરી તરફથી ૨૦૦૦ લીટરના સંગ્રહ થાય તેવા ચીલીંગ પ્લાન્ટની શરૂઆત કરાઈ છે. જેનું વાંકાનેર દૂધ મંડળીના પ્રમુખ સુરેશભાઇ પટેલે ઉદઘાટન કર્યુ આ વિસ્તારના દૂધ મંડળીના હાજર રહ્યા હતા તથા ગ્રામજનો હાજર રહ્યા હતા.

### મહુવાના ભગવાનપુરા ખાતે ટોપલા વેચતા શ્રમિકનું બાઈક અટફટે મોત: ચાલકને ગંભીર ઈજા

અનાલવઃ મહુવા તાલુકાના મહુવરીયા ગામે રહેતા મદારીભાઈ ખાલપાભાઈ કોટવાડીયા ગામે વાંસના ટોપલા વહેચી પોતાનુ ગુજરાન ચલાવતા હતા. મદારીભાઈ તા-11 સપ્ટેમ્બરને બુધવારના રોજ સવારે ઘરેથી ચાલતા ટોપલા વહેચવા માટે નીકળ્યા હતા. તેઓ બપોરના સમયે મહુવા અનાવલ સ્ટેટ હાઈવે પર ભગવાનપુરા ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન મહુવરીયા ગામે રહેતા જયનીસભાઈ નાયકા પોતાની મોટરસાયકલ(GJ-5-HK-8568)એ પગપાળા જતા મદારીભાઈ કોટવાડિયાને અડફેટમાં લેતાં તેમનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતુ જ્યારે મોટરસાયકલ ચાલક જયનીસભાઈ નાયકા ગંભીર રીતે ઘવાતા તેને 108 મા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત અંગે મહુવા પોલીસને જાણ થતા મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની ઉજવણી





રાજપીપળાઃ દેશના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૪મી જયંતીની તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રથમ વાર્ષિક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગના ભાગરૂપે સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજ પોતાના સંતો-ભક્તો તેમજ મુક્તજીવન સ્વામી બાપા સ્કોટિશ પાઈપ બેન્ડ સહિત પધારી, બહાદુર અને બાહોશ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સલામી આપી હતી. આ કાર્યક્રમની ઉમંગોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વમાં શાંતિ સ્થપાય એ માટે સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી.

# ઝઘડિયાનો મઢી આશ્રમ બેટમાં ફેરવાયો : વિસર્જન અશક્ય

**આસપાસનાં ગામોનાં** ગણેશ મંડળો માટે મામલતદાર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ

**હાલમાં મૂર્તિઓને** વાડીમાં મૂકવામાં આવશેઃ નર્મદામાં પાણી ઓસર્યા બાદ તંત્ર દ્વારા પ્રતિમાઓ નર્મદામાં વિસર્જિત કરાશે



### ઝઘડિયા નર્મદા કિનારાના મઢી આશ્રમના રામઘાટના ૩૨ પગથિયાં પાણીમાં ગરકાવ

**ઝઘડિયા નર્મદા** કિનારા પર આવેલ મઢી આશ્રમ ખાતેના નર્મદા કિનારાના રામઘાટના ૩૨ પગથિયાં પૂર્ણ પાણીમાં ગરકાવ થયા છે. બધા જ પગથિયાં ડૂબી ગયાબાદ પણ એક ફૂટ થી વધુ પાણી આશ્રમ પરિસરમાં ઘુસાયા છે. હાલમાં આશ્રમ ખાતે મહંત જગદીશ મહારાજ સહીત ૨૨ જેટલા સાધુ સંતો, પરિક્રમાવાસીઓ આશ્રમમાં હયાત છે. આશ્રમ ખાતે આવેલ ગૌશાળાની ગાયો સમય સુચકતા વાપરી ઝઘડિયા ખાતે લઇ જવામાં આવી છે. બે ત્રણ વર્ષ પહેલા પણ ઝઘડિયા મઢી ખાતે આવી પરિસ્થિતિ સર્જાઈ હતી. તે સમયે પણ મઢી આશ્રમ જવાના રસ્તા બંધ થયા હતા અને આશ્રમ બેટમાં ફેરવાયો હતો. આશ્રમ કહતેનું અનાજ પાણી સલામત સ્થળે ખસેડવામાં આવ્યું છે. આટલી વિસમ પરિસ્થિતિમાં પણ અહીં વર્ષોથી અખંડ રામધૂન અને રામાયણના પાઠ કરવામાં આવે છે.

ઝઘડિયાઃ ઝઘડિયાની આસપાસના ગામોના ગણેશ મંડળો ગણેશ પ્રતિમા ઝઘડિયા મઢી ખાતે વિસર્જિત કરી શકશે નહિ. ઝઘડિયા મઢી નર્મદા કિનારે જવાનો રસ્તો છેલ્લા ૨૪ કલાકથી બંધ હાલતમાં છે અને મઢી આશ્રમ બેટમાં ફેરવાઈ ગયો છે ત્યારે ઝઘડિયા મામલતદાર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ઝઘડિયાની આસપાસના ગામોના મંડળો માટે મઢી જવાના રસ્તા પર હરેન્દ્રસિંહ પરમારની વાડી પાસે ગણેશ પ્રતિમાઓ પૂજાવિધિ કરી મુકવાની તંત્ર દ્વારા ગણેશ મંડળોને અપીલ કરવામાં આવી છે. નર્મદામાં પાણી ઓસર્યા બાદ તંત્ર દ્વારા પ્રતિમાઓ નર્મદામાં વિસર્જિત કરાશે.

હાલમાં નર્મદા કિનારે સુધી પહોંચવાના તમામ રસ્તાઓ પર પાણી ફળી વર્યા છે જેથી નર્મદા કિનારે પહોંચવું અશક્ય બન્યું છે. મઢી આશ્રમ બેટમાં ફેરવાઈ ગયો છે. ઝઘડિયા તેમજ આજુ બાજુના ગામોના ગણેશ મંડળોના સંચાલકો પણ ગણેશ પ્રતિમાઓનું વિસર્જન ક્યાં કરવું તેની અવઢવમાં મુકાયા છે. વહીવટીતંત્ર પણ આ બાબતે વહેલી સવારથીજ વિસર્જનને લઈને દોડધામમાં છે. ઝઘડિયા મઢી નર્મદા કિનારા સુધી પહોંચવાના રસ્તા પર છેલ્લા ૨૪ કલાકથી પાણી ફળી વળતા રસ્તો સદંતર બંધ થયો છે ત્યારે વિસર્જન ક્યાં કરવું એ પ્રશ્ન ઉપસ્થિત થયો છે. સેંકડો મૂર્તિઓને વિસર્જન માટે ક્યાં લઈ જવી તે તંત્ર માટે પણ પડકારરૂપ બન્યું છે. ઝઘડિયા મામલતદાર જે.એ રાજવંશી અને ઝઘડિયા પોલીસ ઈન્સ્પેક્ટર પ્રવીણભાઈ વસાવા દ્વારા ગણેશ પ્રતિમાઓનો વૈકલ્પિક રસ્તો એવો કર્યો છે કે ઝઘડિયાની આજુબાજુના મોટાસાંજા, રાણીપુરા, ઉચેડિયા, નાનાસાંજા, લિમોદ્રા, સુકવના, કરાડ વિગેરે ગામોના ગણેશ મંડળો તેમના ગામના તળાવોમાં ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરશે અને ઝઘડિયાના ગણેશ મંડળો મઢી જવાના રોડ પર હરેન્દ્રસિંહ પરમારની વાડી પાસે ગણેશ પ્રતિમાઓની પૂજા વિધિ કરી મુકવાની અપીલ કરી છે. નર્મદામાં પાણી ઓસર્યા બાદ પ્રતિમાઓને તંત્ર દ્વારા નર્મદામાં વિસર્જન કરવામાં આવશે. લગભગ આવું પહેલી વાર બનશે કે વિસર્જનના દિવસે ગણેશ પ્રતિમાઓનું નર્મદામાં વિસર્જન નહિ થઇ નર્મદાના પાણી ઓસર્યા બાદ નર્મદામાં વિસર્જન કરવામાં આવશે.

# ગણેશ વિસર્જન: બારડોલીમાં 400 પોલીસ કર્મી તૈનાત

**વિસર્જન યાત્રાના** રૂટ પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા



પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારીઓને બંદોબસ્ત પોઈન્ટની ફાળવણી કરવામાં આવી હતી.

બારડોલીઃ નદીમાં વિસર્જન કરવાના મુદ્દે ચાલી રહેલા વિવાદ વચ્ચે બારડોલીમાં પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવાયો છે. શહેરમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે વહીવટી તંત્ર દ્વારા સમગ્ર વિસર્જન યાત્રાના રુટ પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. શહેર હાલની સ્થિતિ જોતાં પોલીસ બંદોબસ્ત ચુસ્ત કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુરુવારે થનાર ગણેશ વિસર્જન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે વહીવટી તંત્રએ કમર કસી લીધી છે. શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રાજમાર્ગ પરથી બપોરે 12.30 વાગ્યાની આસપાસ વિસર્જન યાત્રા શરૂ થશે. અને આ માટે વહીવટી તંત્ર સાબદું થઈ ગયું છે. શહેરના સ્ટેશન રોડ થઈ જલારામ મંદિર, લીમડા ચોક થઈ વિસર્જન યાત્રા તલાવડી ખાતે પહોંચશે. જ્યાં બનાવવામાં આવેલ બે કૃત્રિમ તળાવમાં ગણેશ પ્રતિમાનું વિસર્જન કરવામાં આવશે. વિસર્જન યાત્રાના સમગ્ર રુટ પર બેરીકેટ્સ લગાવી દેવામાં આવ્યા છે. જેથી કરીને યાત્રા નિયત રુટ મુજબ આગળ વધતી રહે. વિસર્જન યાત્રાના સમગ્ર રુટ પર પોલીસ તંત્ર દ્વારા સીસીટીવી લગાવવામાં આવ્યા છે. જેનું ઉચ્ચ અધિકારીઓ સતત મોનિટરિંગ કરી યાત્રા પર ચાંપતી નજર રાખશે. બારડોલી શહેરમાં બોર્ડર વિંગની એક કંપની, 138 હોમગાર્ડ, 91 ગ્રામ રક્ષક દળ, 11 ટ્રાફિક બ્રિગેડના જવાન, 3 ડીવાયએસપી, 3 પીઆઈ, 6 પીએસઆઈ અને ઓફિસ અને પોલીસ સ્ટાફ સહિત 90 પોલીસ જવાન મળી કુલ 396 પોલીસ કર્મચારી અને અધિકારીઓ વિસર્જન યાત્રા પર ચાંપતી નજર રાખશે.

# અંકલેશ્વરમાં આજે 400થી વધુ ગણેશ પ્રતિમાનું વિસર્જન

**ચૌટાનાકાથી 50** ગણેશ મંડળો ડીજે સાથે વિસર્જનયાત્રા કાઢશે

**400 પોલીસનો** સ્ટાફ CCTV કેમેરાની મદદથી બંદોબસ્તમાં ગોઠવાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં ૪૦૦ જેટલી ગણેશ પ્રતિમાઓનું ગુરુવારે વિસર્જન થશે જે પૈકી ૫૦ ઉપરાંત યુવક મંડળો ગણેશજી વિસર્જન યાત્રા DJ સાથે કાઢશે. દર વર્ષની જેમ ચૌટાનાકાથી વિસર્જન યાત્રાનો પ્રારંભ થશે ચૌટા બજાર થઇ હનુમાનજીની ડેરી થી કેટલીક પ્રતિમાઓ શાક માર્કેટ, સમડી ફળીયા, દેસાઇ ફળીયા, ગોયાબજાર થઇ ભરૂચી નાકા સુધી જશે અને ત્યાર બાદ નર્મદા કાંઠે ગોલ્ડનબ્રિજ ખાતે પ્રતિમાનું વિસર્જન કરશે. નર્મદા કાંઠે વહીવટી તંત્ર દ્વારા ક્રેન સહિત સ્થાનિક નાવિકો તરવૈયાઓની ટીમોને તેનાત કરી દેવાઈ છે સાથે જ નર્મદા નદીના બે કાંઠે હાલ 31 ફૂટથી વધુ પાણી હોવાથી દુર્ઘટના કે હોનારત નહીં સર્જાય એ માટે પણ પાકો બંદોબસ્ત પોલીસ ફાયર બ્રિગેડના જવાનો મુકવામાં આવ્યા છે ૨ Dysp, ૩ PI, ૧૧ PSI સહિત પોલીસ ૧૭૬ તેમજ બહારથી ૨૨૫ હોમગાર્ડના જવાનો ૨૧ બોર્ડર વિંગના જવાનો મળી કુલ ૪૦૦ પોલીસ કાફલો તેનાત કરાયો છે આ ઉપરાંત તમામ સંવેદનશીલ વિસ્તારોમાં CCTV કેમેરા તેમજ ધાબા પોઇન્ટ પણ ગોઠવી દેવાયા છે

# તરસાડી પાલિકાની માજી પ્રમુખ અને વર્તમાન મહિલા કોર્પોરેટરના ઘરમાંથી દારૂ ઝડપાયો

**મહિલા બુટલેગરના** ઘરે ગાંધીનગર વિજિલન્સે રેડ કરતાં સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ

**મહિલા કોર્પોરેટર** બબીતાબેન વસાવાને છોડાવવા માટે કેટલાક રાજકારણીઓએ દોડધામ શરૂ કરી દીધી



હથોડા : કોસંબા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના દાદરી ખાતે રાજકારણીઓના ઓથા હેઠળ દારૂનો વેપલો કરતી તરસાડી નગરપાલિકાની માજી પ્રમુખ તેમજ હાલની કોર્પોરેટર મહિલા બુટલેગરને ત્યાં ગાંધીનગરની વિજિલન્સ ટીમે રેડ કરતા ઇંગ્લિશ દારૂ તેમજ દેશી દારૂનો જથ્થો મળ્યો હતો. વિજિલન્સની ટીમે મહિલા બુટલેગર સહીત ત્રણને ઝબ્બે કરી અન્ય એક મહિલા બુટલેગર સહીત બેને વોન્ટેડ જાહેર કર્યા હતા. ગાંધીનગર વિજિલન્સ પોલીસને બાતમીદારે ડાયરેક્ટ બાતમી આપી હતી કે કોસંબા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના તરસાડી ખાતે સલીમ ટોકીઝની પાસે મહિલા બુટલેગરે વેચાણ કરવાના ઈરાદે ઈંગ્લીશ દેશી દારૂ પોતાના ઘરે ઘાસમાં સંતાડી રાખ્યો છે જેથી ગાંધીનગરની વિજિલન્સ ટીમે દરોડો પાડતાં બબીતાબેન છત્રસિંહ વસાવાના ઘરેથી ૪૭૦ ઈંગ્લીશ દારૂની બોટલો તેમજ 89 લીટર દેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે દારૂ વેચનાર બબીતાબેન સહીત વિજયભાઈ ઉર્ફે લાલુ છત્રસિંહ વસાવા તેમજ દિનેશભાઈ રામો ભાઈ ઝંઝવાડીયાની ધરપકડ કરી દારૂનો જથ્થો આપી જનાર નંદાવ ગામની મહિલા બુટલેગર દિવાળીબેન બાલુભાઈ દામજીભાઈ વસાવા તેમજ દિવાળીબેનના માણસ મળી બે જણાના વોન્ટેડ જાહેર કર્યા હતા. પાલિકાની મહિલા કોર્પોરેટર દારૂના જથ્થા સાથે ઝડપાતા તેમને બચાવવા માટે કેટલાક રાજકારણીઓએ મરણિયા પ્રયાસો કર્યા હતા પરંતુ ગાંધીનગરની વિજિલન્સ ટીમ સામે તેમનો પનો ટૂંકો પડયો હતો કહેવાય છે કે પાલિકાની મહિલા કોર્પોરેટર બબીતાબેન વસાવા વિસ્તારમાં રાજકારણીઓના ઓથા હેઠળ દારૂની રેલમછેલ કરી રહી છે. તેમના ઉપર રાજકારણીઓના સીધા આશીર્વાદ છે. આ વાતની સ્થાનિક પોલીસને પણ જાણ છે.

### તસ્કરો પણ હવે પોલીસ સામે બાંયો ચઢાવતા જોવા મળ્યા

# વડોદરાથી ટ્રક ચોરી ભાગતા શખ્સને સાગબારા પોલીસે પકડતાં કોન્સ્ટેબલ પર હુમલો કર્યો

**વડોદરામાંથી ટ્રક** ચોરી મહારાષ્ટ્રના ધુલિયામાં કબાડીમાં તોડવા માટે લઈ જતી વખતે ધનસેરા ચેકપોસ્ટ નજીક બે શખ્સો પકડાયા

**પોલીસે પૂછપરછ** કરતાં મેં તુમ લોગ કો કુછ નહીં બતાઉંગા કહી કોન્સ્ટેબલને બે ફેંટ મારી દીધી

રાજપીપળા, સાગબારા : વડોદરાની ગોલ્ડન ચોકડીએથી ટ્રકની ઉઠાંતરી કરી મહારાષ્ટ્રના ધૂલિયા ખાતે કબાડીમાં તોડવા માટે લઈ જતાં બે શખ્સો ધનસેરા ચેકપોસ્ટ પર સાગબારા પોલીસના હાથે ઝડપાયા હતા. સાગબારા પોલીસ સ્ટેશનમાં લવાયેલા આ બંને આરોપીઓ શાહરૂખ શેખ મુરીર શેખ અને યુનુશ અબ્દુલ શાહ પૈકી યુનુસે પોલીસ કર્મચારી સાથે દાદાગીરી કરી બે ફેંટ મારી દેતા ગુનો દાખલ થયો છે. બે દિવસ પહેલા વડોદરા છાણી પો.સ્ટે.ની હદમાં ટ્રક નં- જી.જે વાય.વાય. 7079 કિંમત રૂા.10 લાખની ચોરીનો ગુનો દાખલ થયા બાદ વડોદરા પોલીસે આ માટે સાગબારા પોલીસને ટ્રક ચોરી બાબતે જાણ કરી હતી. જેથી સાગબારા પોલીસ આ બાબતે સક્રિય થઈ ધનસેરા ચેક પોસ્ટ પરથી ચોરી કરેલી ટ્રક લઈ પસાર થતાં શખ્સને અટકાવી ટ્રકમાં બેઠેલા શખ્સો પૈકી યુનુશ શાહ અબ્દુલ શાહ (રહે. ધુલીયા, મહારાષ્ટ્ર )ની અટક કરી પુછપરછ કરતા હતા એ દરમિયાન સાગબારા પો.સ્ટે.માં જ યુનુશ શાહ એકદમ આવેશમાં આવી ગયા બાદ મૈ તુમ લોગો કો કુછ નહીં બતાઉંગા તુમ લોગ ક્યાં કર લોગે તેમ કહી કોન્સ્ટેબલ લાલસીંગ પર હુમલો કરી બે ફેંટ મારી દીધી હતી. ત્યાર બાદ મૈ તો મર જાઉંગા લેકિન તુમ લોગો કો ફસા દૂંગા કહી ધમકીઓ આપી પોલીસની સરકારી કામગીરીમાં રુકાવટ કરી હુમલો કરી જાતે કપડાં કાઢી ટેબલ ઉપર માથું પછાડી પોતાના શરીરે ઈજાઓ પહોંચાડવાના ઈરાદે તિજોરી સાથે પોતાનું માથું અથાડી તિજોરીનો કાચ તોડી નાખી રૂ.1000 નુકસાન કરી પોતાને ઈજા કરી હતી. આ મામલે પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. સાગબારા પોલીસે ચોરી થયેલી ટ્રક અને યુનુશ સાથેના અન્ય બે શખ્સોને છાણી પોલીસને સોંપી યુનુશ વિરુદ્ધ પગલાં લીધા હતા, ઉપરોક્ત બંને શખ્સોએ વડોદરા

# રાજપીપળાની સરકારી કચેરીમાં મહિલા કર્મચારી અને પ્રેમી વચ્ચે ઈલુ ઈલુ

**કચેરીના કાચ** પર પેપર મારી ચાલુ ફરજે બંને ચુંબન કરતા જોવા મળ્યાની વાત ટોક ઓફ ધ ટાઉન બની

રાજપીપળા : રાજપીપળાની એક સરકારી કચેરીમાં ચારેક દિવસ પર એક મહિલા કર્મચારી તેના પ્રેમી સાથે ચાલુ ફરજે પ્રેમાલાપ કરતી હોવાની વાતે શહેરમાં ભારે કુતુહલ જગાવ્યું છે. આ મહિલા કર્મચારી અને તેના પ્રેમી કચેરીના કાચ પર પેપર મારી ચાલુ ફરજે ચુંબન કરતા જોવા મળ્યાની વાત ટોક ઓફ ધ ટાઉન બની છે. આ કર્મચારી કોણ અને કઈ કચેરીના છે એ બાબત ચર્ચા બની છે. કચેરીના એક અધિકારી આ બાબતે બિલકુલ અજાણ હોવાનું અને તપાસ કરાવું છું તેમ જાણવાયું હતું.

# દલિત સમાજના અપમાન મામલે વિશ્વ વલ્લભ સ્વામી સામે પોલીસ ફરિયાદ કરાવવા માંગણી

**રોષે ભરાયેલા** દલિત સમાજે કોસંબા પોલીસને આવેદનપત્ર પાઠવ્યું



ઈબ્રાહિમ કાનુ

હથોડા : તાજેતરમાં વિશ્વ વલ્લભ સ્વામીએ દલિત સમાજનું અપમાન થાય તેમજ જાતિને ઠેસ પહોંચે તેવા અપશબ્દોનું ઉચ્ચારણ કરતા અને જેનો વીડિયો વાયરલ થતાં ગુજરાતના દલિત સમાજમાં ભારે રોષ ફેલાયો છે. જેથી વિશ્વ વલ્લભ સ્વામી સામે ફરિયાદ દાખલ કરી કાયદેસરના પગલાં ભરવા દલિત સમાજ દ્વારા બુધવારે કોસંબા પોલીસને આવેદનપત્ર પાઠવી માંગણી કરવામાં આવી હતી. આ મામલામાં કોસંબાના જાગૃત નાગરિક અને દલિત સમાજના આગેવાન કાન્તિલાલ એન પરમારે સાથે સુરત જિલ્લા ભીમ અને દલિત સેના સમાજના મોટી માત્રામાં લોકો કોસંબા પોલીસ સ્ટેશન પહોંચી જઈ ભારે રોષ વ્યકત કરીને કોસંબાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર પરેશ નાઈ સમક્ષ દલિત સમાજનો અપમાન કરનાર વિશ્વ વલ્લભ સ્વામી સામે એટ્રોસિટી સહિતની ફરિયાદ દાખલ કરવા માંગણી કરી હતી.

### માંગરોળ તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ માંગરોળમાં યોજાશે

મોસાલીઃ રમત ગમત અને સંસ્કૃતિ પ્રવૃતિ વિભાગ, સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરિત જી.આઈ.પી.સી.એલ. રચિત દીપ ટ્રસ્ટ નાની નરોલી અને એસ.એમ. હાઈસ્કૂલ આયોજીત માંગરોળ તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ અને પારિતોષિક વિતરણ કાર્યક્રમનું આયોજન આગામી તારીખ ૧૬/૦૯/૨૦૧૯ નાં સોમવારે સવારે ૯/30 કલાકે એસ. પી. એમ. હાઈસ્કૂલ મુકામે કરવામાં આવ્યું છે, કાર્યક્રમનાં પ્રમુખપદે તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશભાઇ ગામીત, ઉદ્દઘાટક તરીકે સુરત સુમુલ ડેરીના ચેરમેન રાજેશ પાઠક, મુખ્ય મહેમાન તરીકે જી.આઈ. પી.સી.એલ.ના જનરલ મેનેજર એ.કે.સીંગ, સુરત ડિસ્ટ્રીક્ટ બેંકના ડિરેક્ટર દિલીપસિંહ રાઠોડ વગેરે હાજર રહેશે.